મીલના કાપડનો લાખોનો માલ દિલ્હી પહોંચે તે પહેલા જ ચોરાઈ ગયો..!

અમદાવાદથી અરવિંદ મીલના કિંમતી કાપડના તાકા ટ્રકમાં ભરીને દિલ્હી ગોરખપુર લઈ જવાઈ રહ્યા હતા : ડ્રાઈવર-ક્લિનર રાત્રે ચંદ્રાલા નજીક હોટલમાં ગયા ને ટ્રકમાંથી અડધો માલ ચોરાઈ ગયો

ગાંધીનગર, તા. ૨૨

ખુબ જ જાણીતી અરવિંદ મીલના કિંમતી કાપડના તાકા અમદાવાદથી એક ટ્રકમાં ભરીને દિલ્હી ગોરખપુર ટ્રાન્સપોર્ટ કરવા ટ્રક રવાના કરાઈ હતી. ગઈ રાત્રે આ ટ્રકના ડ્રાઈવર ક્લીનર ચિલોડા-ચંદ્રાલા રોડ પર એક ઢાબામાં જમવા ગયા અને થોડો આરામ કર્યો ત્યાં સુધીમાં આ ટ્રકમાંથી રસ્સો કાપીને લાખોની કિંમતનો અડધો અડધ માલ ચોરી થઈ જવા પામ્યો હતો. મોડી સાંજ સુધી કેટલો માલ ચોરાઈ ગયો છે તેની ગણતરી ચિલોડા પોલીસ સ્ટેશન બહાર ચાલી રહી હોવાથી પોલીસ ફરીયાદ નોંધાવા પામી ન હતી.

(તસવીર : નટુભાઈ પટેલ)

મળતી માહિતી મુજબ અમદાવાદ અરવિંદ મીલ દ્વારા લાખોની કિંમતનો કાપડનો માલ ટ્રકમાં ભરીને દિલ્હી ગોરખપુર ટ્રાન્સપોર્ટ કરવા ટ્રક રવાના કરવામાં આવી હતી. રાત્રે ડ્રાઈવર અને ક્લીનર ચિલોડા ચંદ્રાલા માર્ગ પર સ્થિત ભૈરવનાથ ઢાબામાં જમવા ગયા અને ત્યાં આરામ કરતા કરતા સુઈ ગયા હતા. બંને ઉઠ્યા અને ટ્રકની પાછળના ભાગે નજર પડી તો તાડપત્રી અને રસ્સીથી જે માલ બાંધેલો હતો તે રસ્સો જ કપાઈ ગયેલી હાલતમાં હતો.

ટ્રકમાં તપાસ કરતાં કિંમતી કાપડનો માલ જેટલો ભર્યો હતો તેનાથી અડધો જ બચ્યો હતો. લાખોની કિંમતનો કાપડનો માલ ચોરી કરી કોઈ શખ્સો ફરાર થઈ ગયા હતા. ટ્રક લઈને લાખોના કાપડની ચોરી અંગે ડ્રાઈવર ક્લીનર ચિલોડા પોલીસ સ્ટેશને જાણ કરવા પહોંચી ગયા હતા. ચિલોડા પોલીસ સ્ટેશન બહાર જ બચેલો માલ ઉતારીને ગણતરી શરૂ કરી હતી. કે કેટલો માલ ચોરી થવા પામ્યો છે. આ ગણતરી મોડી સાંજ થઈ જવા છતાં ચાલુ હોવાથી ફરીયાદ નોંધાવા પામી ન હતી.

બોરીયા ગામમાં ધોળે દિવસે તસ્કરો હાથ ફેરો કરી ગયા

પતિ-પત્નિ લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા ત્યાં સુધીમાં જાળીમાંથી ઘરમાં ઘુસીને દાગીના-રોકડ મળી ૨૮ હજારની મતા ચોરી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક સ્થિત દોલારાણા વાસણા ગામનું પરુ કહેવાતા બોરીયા ગામમાં આજે બપોરના અરસામાં પતિ-પત્નિ મકાનને તાળુ મારી લગ્નપ્રસંગે હાજરી આપવા ગયા અને પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના બંધ મકાનની જાળી તોડીને તસ્કરો તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૪૮ હજારની મત્તા સાફ કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતાં. ચિલોડા પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

બોરીયા (હરીપુરા) ગામમાં રહેતા ખેડૂત રાજુજી લક્ષ્મણજી મકવાણા આજે સવારે ૧૧ વાગે તેમના મિત્રને ત્યાં મુબારકપુર ખાતે લગ્નમાં જવા એકલા નિકળ્યા હતા. અને તેમની પત્નિ દહેગામ લગ્નમાં જવાનું કહીને નીકળી હતી. બપોરે ૧ વાગે મુબારકપુરથી રાજુજી ઘરે પરત પહોંચ્યા અને મકાનમાં પ્રવેશ કર્યો તો સરસામાન અસ્તવ્યસ્ત પડેલો હતો અને તિજોરી તથા બારીની જાળી પણ તુટેલી હાલતમાં હતી. તસ્કરો જાળી તોડીને તિજોરીનું લોક તોડી અંદરથી ૧ તોલાની સોનાની ત્રણ વીંટી, સોનાનું પતરું ચઢાવેલું તાંબાનું કડુ અને ધુપીયુ તથા રોકડ રૂ. ૫ હજાર મળી કુલ રૂ. ૪૮ હજારની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. રાજુજીની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

રાયપુર પાસેથી દેશી દારૂના ૩૧ કોથળા ભરેલી જીપ પકડાઈ

ડભોડા પોલીસે રૂ. ૨.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બે ની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક રાયપુર પાસે નદીના પટ પાસેથી દેશી દારૂનો મોટો જથ્થો ભરેલી એક સફેદ જીપ પસાર થતી હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે વૉચ ગોઠવીને ૩૧ મોટા કોથળા દેશી દારૂની પોટલીઓ ભરેલી જીપ સાથે બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. ડભોડા પોલીસે રૂ. ૨.૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બે ની ધરપકડ કરી જેણે માલ ભરાવ્યો હતો તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

ડભોડા પી.એસ.આઈ. પી.જે. સોલંકીને સવારે બાતમી મળી હતી કે વહેલાલ તરફથી એક સફેદ રંગની મેન્સ જીપ નં. જીજે-૧૮-એક્સ-૧૩૯૦ આવી રહી છે. જેમાં મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો ભરીને હેરાફેરી કરાઈ રહીછે. રાયપુર ખારી નદીના પુલ પાસે વૉચ ગોઠવી ડભોડા પોલીસની ટીમે જીપ પકડી તપાસ કરતાં તેમાંથી ૩૧ નંગ મોટા કોથળા મળ્યા હતા. ૬૨૦ દેશી દારૂની પોટલીઓ ૧૨૪૦ લીટર દેશી દારૂ જીપમાંથી મળી આવતા પોલીસે દારૂ તથા જીપ અને મોબાઈલ મળી કુલ રૂ. ૨.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ઓઢવના યોગેશ ભીખા પટેલ અને દસક્રોઈના વિનોદ ડાહ્યા ચુનારાની ધરપકડ કરી પુછતાછ કરતાં કઠલાલના રામાજી શકરાજીએ માલ ભરી શાહીબાગ પહોંચાડવા મોકલ્યો હોવાનું ખુલ્યુ છે. તેની ધરપકડ માટે ડભોડા પોલીસે તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગરના ઉનાવા ગામે જિલ્લાના કૃષિ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં આજથી કૃષિ મહોત્સવ ૨૦૧૫નો આરંભ થયો છે. આજે ગાંધીનગર તાલુકાના ઉનાવા અને દહેગામ તાલુકાના ધમીજ ગામ ખાતે કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ઉનાવા ગામ ખાતે યોજાયેલ કૃષિ મહોત્સવને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. પશુઆરોગ્ય મેળાને પણ મહાનુભાવોના હસ્તે પશુઓને રસી આપીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પણ એક ખેડૂતના દીકરી છે, તેમણે પણ ખેતરમાં કામ કર્યું છે. તેઓશ્રીએ રાજયની શાસનધુરા સંભાળી તે પછી હમેંશા ખેડૂતોના હિતની ચિંતા કરી છે. તેમના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે રૂપિયા ૧૧૦૦ કરોડની સહાય યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા પંચાયતના બજેટમાં પણ કૃષિ ક્ષેત્રેના વિકાસ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત જિલ્લામાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી ગરીબ ઘર હોય જે તેમની દીકરીને ભણાવવા માટે સક્ષમ ન હોય તે ઘરની દીકરીને માધ્યમિક શાળાનું શિક્ષણ આપવાની જવાબદારી જિલ્લા પંચાયત ઉઠાવશે. તેમણે સર્વ ખેડૂતોને રાજય સરકારની સહાય યોજનાઓનો લાભ લેવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા રાજયના ખેડૂતો પોતાના ખેતરમાં ઉપજ કેમ વધારી શકે અને કૃષિ ક્ષેત્રના નવીન સંશોધનોથી વાકેફ થાય તે માટે રાજયમાં કૃષિ મહોત્સવ અમલી બનાવવામાં આવ્યો છે. તેમણે ખેડૂતો પર આવતી કુદરતી આપત્તિ અંગે ચિંતા વ્યકત કરીને કહ્યું હતું કે, કુદરત સામે આપણ સૌ પાગરા છીએ, તેમ છતાં રાજય સરકાર દ્વારા ખેડૂતોના પડખે ઉભા રહેવા માટે હરહમેંશ તૈયાર છે. તેઓશ્રીએ ગામના આગેવાનોને કુદરતી આપત્તિમાં જે ગામના ખેડૂતોને વધુ નુકશાન થયું હોય તેની યાદી બનાવીને સંબંધિત અધિકારીશ્રીઓને આપવા પણ ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

કાર્યક્રમના આરંભે નાયબ બાગાયત નિયામક શ્રી જે.આર. પટેલે કૃષિ મહોત્સવના આયોજન પાછળ રહેલા ઉમદા આશય અને કૃષિ મહોત્સવ ૨૦૧૫ની રૂપરેખા આપીને સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ઉનાવા ગામના સરપંચ શ્રી પિયુષભાઈ પટેલ, વાસણ ગામના સરપંચ શ્રી મફાજી ચાવડા, બાલવાના સરપંચ શ્રી ભરતસિંહ, ખેડૂત અગ્રણી શ્રી મંગાજી બબાજી ઠાકોર, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, મહામંત્રી શ્રી જશુભાઈ પટેલ, જિલ્લા સહકારી મંડળીના રજીસ્ટ્રાર ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ, ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા ખેતી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ગિયોડ બસ સ્ટેન્ડ નજીકથી ત્યજી દેવાયેલી બાળકી મળી આવી

કાળઝાળ ગરમીમાં કાપડમાં વિંટાળીને તાજી જન્મેલી બાળકીને ત્યજી દઈ નિર્દય માતા ફરાર : એક રિક્ષાચાલકે બાળકીની સારવાર માટે પોલીસ બોલાવી

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત ગિયોડ ગામના જુના બસ સ્ટેન્ડ પાસે ખુલ્લી જગ્યામાંથી કાળઝાળ ગરમીમાં કાપડમાં લપેટીને તાજી જન્મેલી બાળકીને ત્યજી દઈ એક ક્રુર હૃદયની માતા ફરાર થઈ ગયાની હૃદય કંપાવી નાંખે તેવી ઘટના બનવા પામી છે. એક રિક્ષા ડ્રાઈવરે ત્યજેલી બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે મોકલી પોલીસાને બોલાવી હતી.ચિલોડા પોલીસે અજાણી માતા સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ શરુ કરી છે. બાળકીની તબિયત હાલ સુધારા પર છે.

ગિયોડના જુના બસ સ્ટેન્ડ પાસે એક રિક્ષા ડ્રાઈવર મનોજ પોતાની રિક્ષા ઉભી રાખીને મુસાફર મળે તેની વાટે કાળઝાળ ગરમીમાં બપોરે ૧૧ વાગે ઉભો હતો તે દરમિયાન અચાનક કોઈ બાળકનાં રડવાનો અવાજ સંભળાતા રિક્ષા ચાલક મનોજ તે અવાજની દિશા તરફ ગયો હતો. બસ સ્ટેન્ડ નજીક ખુલ્લી જગ્યામાં એક તાજી જન્મેલી બાળકી કાપડમાં વિંટાળેલી હાલતમાં ત્યજી દેવાયેલી મળી આવતા તે પણ ચોંકી ગયો હતો. મનોજે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ગરમીમાં રઝળતી મુકેલી બાળકીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે મોકલી દીધી હતી. અને બીજી તરફ ચિલોડા પોલીસને ઘટનાની જાણ કરતા પીએસઆઈ શેફાલી મકવાણા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતાં. ચિલોડા પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

નાર્કોટીક્સ અને ડ્રગ્સ વિષય પર બે દિવસીય સેમીનાર

ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે ગાંધીનગર અને મહેસાણાના પોલીસ અધિકારીઓ સેમીનારમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે નાર્કોટીક્સ એન્ડ ડ્રગ્સ વિષય પર બે દિવસીય સેમીનારનું આયોજન સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના પોલીસ અધિકારીઓ સેમિનારમાં જોડાયા છે. પ્રથમ દિવસે એફએસએલ અધિકારી જી.પી. દરબારે નાર્કોટીક્સ ડ્રગ્સની ઓળખ અને ચિહ્નો, નિવૃત્ત નાયબ પોલીસ અધિક્ષક એસ.એમ. પટેલે એન.ડી.પી.એસ. એક્ટ મેન્ડેટરી પ્રોવિઝન્સ, એન.સી.બી. ઓફીસર રાકેશ દતાણીયાએ પંચનામુ અને ડી.ડી. કીટના ઉપયોગ તથા સીઆઈડી ક્રાઈમના ડીવાયએસપી શ્રુતિ મહેતાએ 'F' ફોર્મ તથા 'MMR' વિષય પર પોતાનું વક્તવ્ય આપી અધિકારીઓને તાલીમ આપી હતી.

એકિસસ બેંક દ્વારા સુવિધા પ્રિપેઈડ કાર્ડ લોન્ચ કરાયું

બેંક ખાતા વિહોણા ગ્રાહકો અને હિજરતી નોકરી કરતા લોકો માટે સુવિધા પ્રિપેઈડ કાર્ડ ઉપયોગી નીવડશે

ગાંધીનગર, તા.૨૨

ભારતની જાણીતી ખાનગી બેંકોમાંની એક એકિસસ બેંક દ્વારા તા. ૨૧મી એપ્રિલે 'સુવિધા પ્રિ-પેઈડ કાર્ડ' લોન્ચ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ દ્વારા મૂળભૂત સુવિધાથી વંચિત સમુદાયોને સેવા મળી રહેશે અને હિજરતી નોકરી કરતા લોકોને બચત કરવા તેમજ તેમના સગા સંબંધીઓને નાણાં મોકલવા જેવી બાબતોમાં ઉપયોગી નિવડશે.

સુવિધા ઈન્ફોસર્વ સાથે મળીને એકિસસ બેંક દ્વારા લોંચ કરાયેલ સુવિધા પ્રિ-પેઈડ કાર્ડથી પ્રધાનમંત્રી જન-ધન યોજનાના બેકિંગ વિસ્તરણ કાર્યક્રમને વેગ મળશે. આ કાર્ડ દ્વારા બેંક ખાતા વિનાના ગ્રાહકો માટે લેસ-કેશ ઈકો સિસ્ટમ બનાવવાની દિશામાં પગલું ભરાયું છે અને આ કાર્ડ દ્વારા તાત્કાલિક ખાતું ખોલાવવું, રોકડ જમા કરાવવી, ઝડપી રોકડ ઉપાડવી, બચત કરવી, નાણાં ટ્રાન્સફર કરવા વગેરે સેવાઓના લાભ મેળવી શકાશે. આ કાર્ડ દેશમાં ગમે ત્યાં કોઈ પણ સુવિધા પીઓએસ ટર્મિનલ, સુવિધા બીસી આઉટલેટ અથવા કોઈ પણ એટીએમમાં ઉપયોગ કરી શકાશે.

કુડાસણ સ્થિત બાંધકામ સાઈટ પર કરંટ લાગતા મજૂરનું મૃત્યુ

અન્ડર ગ્રાઉન્ડ ટાંકી બનાવતા લોખંડનો સળીયો વિજવાયરને અડકી ગયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં એક બાંધકામ સાઈટ પર અન્ડર ગ્રાઉન્ડ ટાંકી બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. તે દરમ્યાન વેસ્ટ બંગાળનો ૩૨ વર્ષિય મજુર મહાદેવ તોરૂસધર લોખંડનો સળીયો સીધો કરી રહ્યો હતો ત્યાં ઉપર સ્થિત વિજ વાયરને સળીયો અડકી જતાં કરંટ લાગી ગયો હતો અને ચોંટી ગયેલા મજુરનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાકલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ઊંડી તપાસ શરૂ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૩૭ ટકા ● સાંજે ૧૯ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૪ :
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

સ્ક્રીન-૩ :
મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦
લીલા : ૪.૦૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :
મિ. એક્સ : ૧૦.૦૦
લીલા : ૧૨.૪૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

આપની આજ

મેષ : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : આજે કાર્ય સફળતા માટે વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સામાજિકક્ષેત્રે ધારી સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. મિત્રોના સહયોગથી અટકેલા કાર્યો આજે પૂર્ણ થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા થઈ શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થશે.

કન્યા : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : પ્રયત્ન જરૂરી છે. કાર્યમી ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : કુટુંબીજનો સાથે પ્રવાસ થઈ શકે છે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. મિત્રોના સહકારથી સમસ્યાનું સમાધાન મળી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

ચિરવિદાય

- સ્વ. નંદુબા પિથુજી મકવાણા (ઉ.વ.૬૫) મુ. આદિવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચીમનલાલ મંગળદાસ નાયી (ઉ.વ.૮૯) પ્લોટ નં. ૮૬૧/૧, સેકટર-૪સી, ગાંધીનગર